Download Froem : http//wwww.edumatireals.in

નમસ્કાર, સુપ્રભાત

અત્રે ઉપસ્થિત સરપંચ શ્રી, ગામના અગ્રણીઓ, ગ્રામજનો, વાલીશ્રીઓ, શિક્ષકગણ તથા વહાલા વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો.

આપણે સૌ આજના શુભ અવસર એટલે કે પ્રજાસતાક પર્વ નિમિતે આપણે એકત્ર થયા છીએ. આ પ્રજાસતાક પર્વ એટલે આઝાદીનું પર્વ, દેશ પ્રેમનું પર્વ, ક્રાન્તીકારીઓના પવિત્ર બલીદાનને યાદ કરવાનું પર્વ, દેશ પ્રત્યે આદર અને દેશબંધુઓ પ્રત્યે ભાઈચારો કેળવવાનું પર્વ, તો આજના આઝાદીના પર્વે આપણે ગૌરવભેર ધ્વજ વંદન કરી સ્વાતંત્ર્યદિન ઉજવીએ.

એક સાથ ખડે હોંગે ખડે હો....
સાવધાન... વિશ્રામ... સાવધાન... વિશ્રામ... સાવધાન...

એક સાથ સલામી આમ દો...

જૈસે થે... એક સાથ રાષ્ટ્રગીત શુરૂ કરેંગે શુરૂ કર...

એક સાથ ઝંડાગીત શુરૂ કરેંગે શુરૂ કર...

વિશ્રામ...
એક સાથ બેઠેંગે બેઠ જાવ.

આજના સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રારંભમાં હું સર્વે માનવંતા મહેમાનોનું અત્રે શબ્દોરૂપી પુષ્પો વડે સ્વાગત કરું છું.

બીખર જાયેંગે ચાંદ સિતારે,
બીખર જાયેગા સારા સંસાર
ફિરભી અમર રહેગા ઈસ દૂનિયામે,
શહીદો કે નામ.

આવી જ કંઈક દેશદાઝ બતાવતું ગીત રજુ કરશે ધોરણ ૭ અને ૮ ના ભાઈઓ, જેના શબ્દો છે, યે દેશ હે વિર જવાનો કા.

શહીદોને શ્રધ્ધાંજલી આપ્યા બાદ હવે જે ગીત રજૂ થશે તેના માટે કહું તો,

મને મારગે મળ્યા♍તા શ્યામ કોણ માનશે❍
એક મીટમાં કળ્યા♍તા શ્યામ કોણ માનશે❍

ગોવાળીયાઓ સાથે હાથમાં વાંસળી લઈને ફરતા અને ગૂઢ ફિલોસોફીનું જ્ઞાન આપતા શ્રી કૃષ્ણની લીલા ન્યારી છે. કૃષ્ણ અને ગોપીઓના નિર્મળ સ્નેહના વર્ણન માટે તો શબ્દો પણ ઓછા પડે. આવી ગોપીઓ અને કૃષ્ણની રાસલીલા રજુ કરતી કૃતિ લઈને આવશે ધોરણ ૭ અને ૮ ની બહેનો, તેઓના શબ્દો છે, ઓ ક્રિષ્ના...

Download From: http//www.edumatireals.in

Download Froem : http//wwww.edumatireals.in

ખૂબ જ સરસ બહેનોએ રાસલીલા રજુ કરી.

હવે કંઈક અલગ પણ સાચી હકીકત છે એવું અને આપણી ધાર્મિક માન્યતાઓને નામે થોડું ધતીંગ રજુ કરતું નાટક ભજવશે ધોરણ ૮ ના ભાઈઓ,

નાટકનું નામ છે, ઢોંગ છે ધતીંગ છે.

નાટક પણ હસતું રહયું અને આપણે પણ હસતાં રહયાં, પણ હસતાં હસતા હકીકત રજુ કરી ગયા. પણ હવે માતૃભૂમિ માટે શહાદત વહોરનાર અને સ્વાતંત્ર્ય સંગ્રામની વિરાંગના ઝાંસીની રાણીનો

એક પાત્રીય અભિનય રજુ કરશે, પરમાર આશા.

ખૂબ જ સરસ

આ એક સત્ય છે કે જયારે જયારે સૃષ્ટિ પર અધર્મનું સામ્રાજય ફેલાય છે ત્યારે ત્યારે ઈશ્વર પોતે પૃથ્વી પર આવી ધર્મની પુનઃસ્થાપના કરે છે. તેથી જ કહેવાયું છે કે,

ગોખથી હેઠા ઉતરો પ્યારા, ત્યાં તો પથ્થર લાગો છો,<br>
માનવ રૂપ ધરો છો ત્યારે જ સાચા ઈશ્વર લાગો છો.

પણ વર્તમાન પરિસ્થિતિ જોતા તમને નથી લાગતું કે અત્યારે તો ભગવાનને પણ પૃથ્વી પર આવતા પહેલા કેટલીક તૈયારી કરવી પડે. આવી જ ભલામણો સાથેનો ભગવાનને લખેલો પત્ર રજુ કરશે,

ચુડાસમા પરિતા.

પરિતા બહેને ભગવાનને ઘણી રજુઆતો કરી, ખુબ સરસ.

જિંદગીમે સદા હસતે રહો,<br>
હસના હમારી જરૂરત હૈ,<br>
જિંદગી જીયો તો ઈસ અંદાઝ સે,<br>
કી તુમકો દેખકર સબકો લગે,<br>
જિંદગી કીતની ખૂબસુરત હૈ.

હાસ્ય જીવનમાં ખૂબ જ જરૂરી છે. તો આપણને હસાવવા આપણી સમક્ષ આવે છે,

ગરબડદાસના ગોટાળા...... ધોરણ ૭ ની બહેનો

ખૂબ જ સરસ બહેનો

ભારતીય ગણ રાજય એ અનેક વિવિધતાઓ ધરાવતો દેશ દુનિયાની કેટલીક પ્રાચીનતમ સંસ્કૃતિઓનું ઘર ગણાય છે. અહિનું લોક જીવન વિવિધતામાં એકતાના સૂત્રને આત્મસાત કરતું દેખાય છે. ભારતીય સંસ્કૃતિના આવાજ કેટલાક અંશોની ઝાંખી કરાવતું અભીનય સાથે ગીત રજુ કરશે,

Download From: http//www.edumatireals.in

Download Froem : http//wwww.edumatireals.in

ધોરણ ૯ ની બહેનો જેના શબ્દો છે, દેશ રંગીલા.....
ખુબ સરસ,

આ કાર્યક્રમના અંત તરફ આગળ વધતા મને લાગે છે કે થોડું મનોરંજન પણ હોય તો સોનામાં સુગંધ ભળી જાય તો આના માટે આપણી સમક્ષ ઉપસ્થીત થશે,

ધોરણ ૭ અને ૮ ની બહેનો, તેઓના શબ્દો છે, નગારા સંગ ઢોલ બાજે ...

કાર્યક્રમને અંતે હું ઉપસ્થિત સર્વે મહેમાનોનો હું સમગ્ર જરગલી શાળા પરિવાર વતી આભાર માનું છું કે જેઓએ કાર્યક્રમમાં હાજરી આપી શોભામાં અભિવૃધ્ધિ કરી અને સહકાર આપ્યો,

બસ આટલું કહી હું વિરમું છું.
અસ્તુ, જય હિન્દ..... જય ભારત...

Download From: http//www.edumatireals.in